# ૩.૧૭ લાખની કીંમતનાં ૧૯ બિનવારસી વાહનોની હરાજી કરાશે

## અડાલજ પોલીસે ૯ વર્ષમાં કાર, બાઈક અને સ્કૂટર સહીતના ૧૯ વાહનો કબજે લીધાં છે : હરાજી માટે દરખાસ્ત તૈયાર કરાશે

ગાંધીનગર, તા.૨૦

અડાલજ પોલીસ સ્ટેશનની હદમાંથી બિનવારસી હાલતમાં મળી આવેલા ૧૯ જેટલા વાહનોની આખરે જાહેર હરાજી કરવાની ગતિવિધિઓ હાથ ધરવામાં આવનાર છે. અંદાજિત ૩.૧૭ લાખની કીંમતના આ વાહનોની જાહેર હરાજી માટે ટૂંકમાં દરખાસ્ત તૈયાર કરવામાં આવનાર છે. છેલ્લા ૯ વર્ષ દરમિયાન બિનવારસી હાલતમાં કબજે લેવાયેલા આ વાહનોના માલિકનો અતો-પતો ન મળતા આ નિર્ણય લેવાયો છે.

અડાલજ પોલીસ સ્ટેશન દ્વારા બિનવારસી હાલતમાં કબજે લેવાયેલા બાઈક અને કાર સહિતના ૧૯ વાહનોના માલિકના નામ સરનામા મળ્યા નથી. સી.આર.પી.સી. ૧૦૨ મુજબ બિનવારસી હાલતમાં પોલીસે કબજે લીધેલા આ વાહનોમાં મોપેડથી લઈ બાઈક, સ્કૂટર અને મારૂતિ કાર સહિતના અંદાજીત રૂ. ૩.૭૧ લાખના ૧૯ જેટલા વાહનોનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૦૪થી ગત તા. ૩૧ મે વર્ષ ૨૦૧૨ સુધીના સમયગાળામાં પોલીસે આ વાહનો અડાલજ પોલીસે હદના વિસ્તારમાંથી કબજે લીધા છે જયારે ૯ વર્ષના લાંબા સમયાળાના અંતે આ વાહનોની જાહેર હરાજી માટે અડાલજ પોલીસ દ્વારા દરખાસ્ત તૈયાર કરવાની પ્રક્રીયા હાથ ધરવામાં આવનાર છે. અડાલજના પોલીસ ઈન્સ્પેકટરે આ ૧૯ પૈકી તેવરવાળા વાહનો માટે કોઈને હકક-દાવો અગર વાંધો હોય તો પોલીસ સ્ટેશને સંપર્ક કરવા જણાવાયું છે.



વરસાદ માટે વરૂણ દેવને રીઝવવા માટે સૅક્ટર-૨૮ જીઆઈડીસી ખાતે જાણીતા ઉદ્યોગપતિ ઍન પી પટેલ દ્વારા વેસ્ટર્ન એગ્રી સીડ્સ ખાતે પર્જન્ય યજ્ઞ યોજવામાં આવ્યો હતો. (તસવીર : દિપક જાની)

# પ્રદેશ મહિલા કોંગ્રેસના માળખામાં ગાંધીનગરની ૮ મહિલાઓને સ્થાન

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ સમિતિના નવા માળખાની આજે જાહેરાત કરવામાં આવી છે જેમાં ગાંધીનગર મહિલા કોંગ્રેસની ૮ જેટલી મહિલા આગેવાનોને સમાવવામાં આવતાં મહિલા કોંગ્રેસના સંગઠનમાં આનંદની લાગણી વ્યાપી જવા પામી છે.

પ્રદેશ મહિલા કોંગ્રેસના મહામંત્રી તરીકે શ્રીમતિ ઝુલેખા અન્સારી તથા ઈન્દુબેન ઝવેરીની નિમણુંક કરવામાં આવી છે.

જયારે પ્રદેશ મંત્રી તરીકે નેહાબેન દવે, નીમીષા ચૌહાણ અને જયશ્રીબેન ચૌહાણની વરણી કરવામાં આવી છે. આ ઉપરાંત સુશીલાબેન પઢિયાર, વીણાબેન રાજગોર અને વીમળાબેન સોલંકીનો કારોબારી સમિતિમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

પ્રદેશ સંગઠ્નના નવા માળખામાં ગાંધીનગર જિલ્લાની ૮ મહિલા કાર્યકરોના સમાવેશને જિલ્લા પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલ અને શહેર પ્રમુખ પ્રેમબા હાડાએ આવકાર આપતાં જણાવ્યું છે કે ગાંધીનગર સંગઠ્ન આનાથી ગૌરવ પ્રાપ્ત કરે છે એટલુ જ નહિ શહેર અને જિલ્લાનું સંગઠ્ન વધુ મજબુતાઈ પ્રાપ્ત કરશે.

તેમણે જણાવ્યું છે કે મહિલા સંગઠનને વધુ મજબુત બનાવવામાં આવી રહ્યું છે અને આગામી દિવસોમાં કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવશે.



## લાયોનેસ ક્લબ દ્વારા નેત્ર નિદાન કેમ્પ યોજાયો

લાયોનેસ ક્લબ ગાંધીનગર દ્વારા પ્રમુખ ઉષાબેન ગજ્જરની રાહબરી હેઠળ સરકારી પ્રાથમિક શાળા, બોરીજના વિદ્યાર્થીઓની આંખોની તપાસ અને નિદાનનો કેમ્પ તાજેતરમાં યોજાયો હતો.

બોરીજના બાળકો માટે યોજાયેલા આંખ તપાસ કાર્યક્રમમાં શાળાના ૬૮૦ વિદ્યાર્થીઓની આંખોની તપાસ કરવામાં આવી હતી. ભૂતપૂર્વ પ્રમુખ પ્રજ્ઞાબેન ઠક્કર, રીટાબા સોલંકી, પ્રિયા મણિક, સેક્રેટરી વૈશાલી જોષી, ખજાનચી મિનાક્ષી જયા સિંઘાની, લાયોનેસ દક્ષા જાદવ, જ્યોતિબેન પંચાલ, રીટાબેન શાહ, મિત્તલ રાણા, અર્ચના દવે, નીતા રાણા આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. ડૉ. ઉર્વિશભાઈ અને ડૉ. ચતુરભાઈના સહકારથી આંખની તપાસનો કાર્યક્રમ સફળ રહ્યો હતો. શાળાના આચાર્યા કાશ્મીરાબેન અને શાળા પરિવારનો કાર્યક્રમના આયોજનમાં યોગ્ય સહકાર આપ્યો હતો.

# શહેર પેન્શનર્સ સમાજના વિદ્યાર્થીઓનો ૨૯મીએ સન્માન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના પ્રમુખ એસ.ડી.આર. મલિકે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, આગામી તા. ૨૯મી જુલાઈ-૨૦૧૨ના રોજ શહેર પેન્શનર્સ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજવામાં આવશે. તેજસ્વી તારલાઓના વડીલોને આમંત્રણ પત્રો મોકલી દેવામાં આવ્યા છે. જે સભ્યોને આમંત્રણ પત્રો ન મળ્યા હોય તેઓએ સત્વરે સેક્ટરના પ્રતિનિધિનો સંપર્ક કરવો.

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૧૨માં ૭૫ ટકા કે તેથી વધારે ગુણ મેળવેલ હોય તેવા તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માન કરવાના સમારંભનું આયોજન તા. ૨૯મી જુલાઈ-૨૦૧૨ના રોજરવિવારે બપોરે ત્રણ વાગે શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજની વાડી સેક્ટર-૭-સીમાં કરવામાં આવનાર છે. સન્માન પાત્ર વિદ્યાર્થીઓના વડિલોને સન્માન સમારંભના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાનાં પત્રો મોકલી દેવામાં આવ્યા છે. જો ન મળ્યા હોય તો સેકટરના પ્રતિનિધિઓનો સંપર્ક સાધી, મેળવી લેવા સંસ્થાના પ્રમુખ એસ.ડી.આર. મલીક જણાવે છે. વિશેષમાં જણાવવાનું કે, આ સન્માન સમારંભમાં સન્માન પાત્ર વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહેવું જરૂરી છે અને તેઓને જ ઈનામ તથા સન્માન પત્ર એનાયત કરવામાં આવશે. અન્યથા ગેર હાજર રહેલા વિદ્યાર્થીઓ ફક્ત સન્માન પત્ર જ મેળવી શકશે. જેને માટે કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ૧૦ દિવસ પછી સેક્ટરના પ્રતિનિધિઓનો સંપર્ક સાધી સન્માન પત્ર મેળવી લેવા. વધુમાં જણાવવાનું કે, દરેક ઈનામ પાત્ર તેજસ્વી વિદ્યાર્થીને વધારાની ગીફ્ટ પણ આપવાનું વિચારવામાં આવી રહ્યું છે. જે કાર્યક્રમના અંતે હાજર વિદ્યાર્થીઓને જ આપવામાં આવશે. તદ્ ઉપરાંત ધોરણે ૮ અને ૯ના વિદ્યાર્થીઓને પોકેટ ડિક્ષનરી પણ આપવામાં આવશે જેથી સૌ વિદ્યાર્થીઓને સમયસર હાજર રહેવા વિનંતી કરવામાં આવે છે. તેમજ પદાધિકારીઓ કાર્યવાહક સમિતિના સભ્યો તથા સેક્ટર- પ્રતિનિધિઓએ નિયત સ્થળે તેમજ તારીખે બપોરે ૧ વાગે અચુક હાજર રહેવા પ્રવરમંત્રી નિરંજન ઓઝા જણાવે છે.

# શ્રી ચન્દ્રશેખર વિજયજી મહારાજની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિનો ભવ્યાતિભવ્ય કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૦

યુગદૃષ્ટા ચન્દ્રશેખર વિજયજી મહારાજની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે ભવ્ય મહોત્સવનું આયોજન આગામી તા. ૨૨ થી ૨૯મી જુલાઈ દરમ્યાન ગુરૂ ચન્દ્ર વાટિકા, સંસ્કાર કેન્દ્ર, પાલડી, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ભારતભરના હજારો જૈનો-અજૈનો ઉપસ્થિત રહી ગુરૂદેવને શ્રદ્ધાંજલિ અર્પણ કરશે.

પુણ્યતિથિ કરૂણાદિન તા. ૨૮ જુલાઈએ હજારો ભકતો સાબરમતીથી તપોવન અમીયાપુર ગુરૂદેવના સમાધિતિર્થે પાલખીયાત્રાની યાદ અપાવતાં ચાલતાં ચાલતાં પહોંચશે. અહી ગુરૂસ્તવના કરીને સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ સુધી સંગીતના માહોલમાં પૂજ્ય ગુરૂદેવશ્રીની ગુણગરિમાની સ્પર્શના કરાશે.

આઠ દિનના મહોત્સવ અંતર્ગત પ્રથમ દિન તા. ૨૨ જુલાઈ, રવિવારે સવારે ૮.૩૦ વાગે સંસ્કાર કેન્દ્ર પાલડી (મ્યુઝીકલ પાસે)માં ગુરુચન્દ્રવાટિકાનું ઉદ્‌ઘાટન થશે જ્યાં તા. ૨૨ થી ૨૭ જુલાઈ સુધીના ૬ દિવસ રોજ સવારે ૯ થી ૧૨ તથા રાત્રે ૮.૩૦ થી ૧૧.૦૦ વિવિધ આયોજનો સંસ્કાર કેન્દ્ર, પાલડી ખાતે ગોઠવાશે. સમગ્ર અમદાવાદના હજારો જૈન-અજૈન ભાવુકો ગુરૂદેવને ગમતાં કાર્યો કરવા દ્વારા અંજલી ધરવા રોજેરોજ પધારશે.

પ્રભુભક્તિ દિન તા. ૨૨ જુલાઈ, રવિવારે સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન સમગ્ર અમદાવાદના ૫૦૦૦ થી વધુ બાળક-બાલીકાઓ તપોવન પદ્ધતિએ સંગીતના સુમધુર માહોલમાં ૧૦૦૦ ભગવાનની પાંચ-પાંચના જુથમાં રહી અષ્ટપ્રકારી પૂજા રૂપી ભક્તિ કરીને પોતાના જીવનને પવિત્ર બનાવવાનો તથા ભક્તિ-મૈત્રી-શુદ્ધિ-સૌર્ય વડે ભરીને સંસ્કૃતિ રક્ષા-રાષ્ટ્રરક્ષા-ધર્મરક્ષા કરવાનો સંકલ્પ કરશે. રાત્રે મુંબઈના યુવાનો વિશિષ્ટ કાર્યક્રમ દ્વારા સૌને ગુરૂમય બનાવશે.

અનુકંપાદિને તા. ૨૩ જુલાઈ, સોમવારે સવારે ૯ થી ૧૦.૩૦ દરમિયાન અનુકંપાનો મહિમા રજૂ થશે અને અમદાવાદની હોસ્પિટલો-અનાથાશ્રમો-વૃદ્ધાશ્રમો-ભિક્ષુકો વિગેરે ૨૦,૦૦૦ થી વધારે જરૂરીયાતમંદ વ્યક્તિઓની સેવાનો યજ્ઞ ગોઠવાશે.

જ્ઞાનદિને તા. ૨૪ જુલાઈ મંગળવારે સવારે ૯ થી ૧૦.૩૦ દરમિયાન જ્ઞાનની મહત્તા જણાવતા

● અનુસંધાન પાના-૭ પર

# સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા નિઃશુલ્ક નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૨૦

સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ ગાંધીનગરના પ્રમુખ જીલુભા ધાધલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગાંધીનગરના ગરીબ અને જરૂીયાતમંદ લોકો માટે નિરામય હોમિયોપેથિક કલીનિક, એસ.ટી. ડેપો સામે, સેકટર-૭-સી, ગાંધીનગર ખાતે દર મંગળવારે નિઃશુલ્ક નિદાન કેમ્પ યોજાશે.

ગાંધીનગરમાં દર મંગળવારે યોજાનાર નિઃશુલ્ક નિદાન કેમ્પમાં ડૉ. નિરવ ઠાકર દ્વારા મંડળની પત્રિકા સાથે લાવનાર દર્દીઓની ચામડી, શ્વાસ, નાક, કાન, ગળા અને પથરી તથા પેટના રોગો માટે નિઃશુલ્ક તપાસ કરવામાં આવશે. જરૂરીયાતમંદ દર્દીઓ માટે મંડળ મફત દવાઓની પણ વ્યવસ્થા કરી આપશે. ગરીબ અને જરૂરીયાતમંદ દર્દીઓને આ નિઃશુલ્ક નિદાન કેમ્પનો લાભ લેવા આયોજકોએ ખાસ જણાવ્યું છે.

## આજે સુંદરકાંડના પાઠનું આયોજન

રતિલાલ શાહની ૨૫મી તેમજ યોગીનીબેનની ત્રીજી પુણ્યતિથિ નિમિત્તે ભૂપેન્દ્રભાઈ શાહના યજમાન પદે કનૈયાલાલજી મહારાજની વ્યાસપીઠે સુંદરકાંડ પાઠનું આયોજન આજે તા. ૨૧મી જુલાઈને શનિવારે રાત્રે ૮.૩૦ કલાકે શ્રી કામનાથ મંદિર હોલ કામનાથ મહાદેવ, અંકુર ચાર રસ્તા પાસે અમદાવાદ ખાતે કરવામાં આવ્યું છે. સૌ ભક્તોને કથા-પાઠનો લાભ લેવા આમંત્રણ પાઠવવામાં આવે છે.

# એક આજીવન શિક્ષકની શિક્ષણ અને સેવાની વાત

## દુનિયા ભલે શિક્ષક માને મને, હું તો આજીવન વિદ્યાર્થી જ છું : ઈન્દુબેન નિમાવત



'માસી આમ તો મારાં પાડોશી હતાં. પરંતુ એમની નજીક આવી હું સ્કૂલના કારણે. સ્કૂલમાં એ મારાં ટીચર હતાં - મારે કહેવું જોઈએ કે સૌથી પ્રિય ટીચર. મને પણ એ ખૂબ ગમતાં. સ્કૂલમાં પ્રેમથી ભણાવતા અને સારી વાતો શીખવતાં ટીચર મારા જ બ્લૉકમાં રહેતાં એ વાતથી મને ઘણો રોમાંચ થતો. એ જ કારણે હું એમના તરફ આકર્ષાઈ અને એમની નજીક આવી. એક ટીચર તરીકે તેઓ જેટલા સહજ અને પ્રેમાળ હતાં એટલાં જ એક પાડોશી તરીકેય સ્નેહાળ હતાં. હું એમની વિદ્યાર્થીની છું એવો કોઈ જ ભેદ વચ્ચે લાવ્યા સિવાય મને એમની નજીક આવવા દીધી. અને આજે એક ટીચર અને પાડોશી કરતાંય વધુ એ મારાં મિત્ર છે, એવા અંગત મિત્ર જેમને હું મારી જિંદગીની કોઈપણ વાત, કોઈપણ સમસ્યા કહી શકું છું અને હક્કપૂર્વક એમનું માર્ગદર્શન પણ માંગી શકું છું.'

આ શબ્દો છે ચંદ્રિકા રાઠોડ નામનાં એક પાકટ મહિલાના, જે પોતાના આજીવન શિક્ષક માટે આ શબ્દો ઉચ્ચારે છે. આ આજીવન શિક્ષક એટલે શ્રીમતી ઈન્દુમતિ નૌતમલાલ નિમાવત ઉર્ફે સૅક્ટર-૬માં વસતા ઈન્દુબેન.

માત્ર ચંદ્રિકા જ નહીં, અશોક, રાજેન્દ્ર, સદાશિવ, રણજિત, મનસુખ, પરશોત્તમ, પ્રફુલ્લા, જ્યોતિ, ભાવના, લલિતા, દિપીકા, ગોપી, સંધ્યા, કલ્પના અને એવા અસંખ્ય વિદ્યાર્થીઓનો એમના માટે આ જ મત છે. સૌ આજે એક અવાજે સ્વીકારે છે કે ઈન્દુ ટીચર એ અમારા ક્લાસ ટીચર જ નહીં, પરંતુ જીવન ટીચર છે. માત્ર ગુજરાતી ને અંગ્રેજી જ નહીં, જીવનના પાઠ પણ એમણે અમને શીખવ્યા છે, જેના કારણે જ આજે અમારી જિંદગીની ગાડી પાટા પર સડસડાટ દોડી રહી છે.

અશોકને તો એવોય કિસ્સો યાદ છે કે ચડતી વયે પોતે અત્યંત રખડુ પ્રકૃત્તિનો હતો અને માતાપિતાની કોઈ વાત સાંભળતો નહોતો ત્યારે માતાપિતાએ એને સાચી પરિસ્થિતિ સમજાવવા માટે ઈન્દુ ટીચરનો જ સહારો લીધો હતો. ઈન્દુ ટીચરે એને પ્રેમથી પાસે બેસાડીને સારા રસ્તા પર ચાલવાની જે શીખ આપી હતી એના પ્રતાપે એ ક્યારેય જીવનના આ રસ્તા પરથી ચળ્યો નથી અને પોતાનાં સંતાનોને આ જ શીખ આજે આપી રહ્યો છે.

**સંબંધ સજાવે જિંદગી**

**બલિહારી ગુરુ આપ કી**

- સ્વાતિબા રાઓલ
gsrelation@yahoo.com

ગાંધીનગર વસ્યું ત્યારથી ગાંધીનગરમાં આવીને વસેલાં ઈન્દુબેનની નોકરી સૌપ્રથમ પેથાપુર ગામની સરકારી પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે. એ પછી વર્ષો સુધી સૅક્ટર-૨૮/૧ સરકારી પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવી, જ્યાંના ઘણા વિદ્યાર્થીઓ આજે આ શહેરના જવાબદાર નાગરિકો છે અને ગમે તેટલો ઉચ્ચ હોદ્દો ભોગવતા હોવા છતાંય ઈન્દુ ટીચર ક્યાંય મળી જાય તો ભાવપૂર્વક ચરણ સ્પર્શ કરીને આશીર્વાદ લેવાનું ચૂકતા નથી.

સૅક્ટર-૨૨ની પ્રાથમિક શાળા, પછી સૅક્ટર-૨૮/૨ અને છેલ્લે સૅક્ટર-૬ની પ્રાથમિક શાળામાં ઈન્દુબેને ફરજ બજાવી. નિવૃત્ત થયાં આચાર્યા તરીકે. એ અગાઉ રૉટરી ક્લબ ઑફ ગાંધીનગર તરફથી શહેર શ્રેષ્ઠ શિક્ષક, ગવર્નરના હસ્તે રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક અને રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલકલામના હસ્તે રાષ્ટ્ર શ્રેષ્ઠ શિક્ષકનો ઍવોર્ડ પોતાને નામે કર્યો.

ઈન્દુબેને નિવૃત્તિ તો મેળવી, પણ નોકરીમાંથી - પ્રવૃત્તિમાંથી નહીં. ભજન, શાળા તથા સેવા-સાંસ્કૃતિક સંસ્થાઓને સેવા, પાડોશીઓને સહાય એવી પ્રવૃત્તિઓ સતત ચાલુ જ રાખી. આખું વર્ષ ભજન કરવા માટે તૈયાર રહે એવી સક્ષમ ભજન મંડળીની તેમણે સ્થાપના કરી છે - મીરાં ભજન મંડળ, જે નિઃશુલ્ક લોકોના ઘરે જઈને ભજનો કરે છે અને એમાં આરતીની જે કોઈ રકમ એકત્ર થાય એ રકમમાં થોડી રકમ ઉમેરી રાઉન્ડ ફિગર કરીને સમાજના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ, બાળકોની સેવા માટે સહર્ષ આ રકમ ખર્ચ કરી નાંખે છે. 'સમાજ તરફથી મળેલું સમાજને અર્પણ કર્યું, આમાં અમે કાંઈ નથી કર્યું' એવો નિઃસ્પૃહ ભાવ મીરાં ભજન મંડળનાં બહેનો અને ઈન્દુબેન રાખે છે.

અગાઉ મૂંઝાયેલા વિદ્યાર્થીઓ કે એમના વાલીઓ માર્ગદર્શન માટે આવતા, હવે વયસ્ક મહિલાઓ પોતાની સમસ્યાઓના માર્ગદર્શન માટે મુલાકાત લે છે, વિદ્યાર્થીઓમાં ફેર પડ્યો છે - શિક્ષક તો એ જ છે. અને એમની મદદ કરવાની તત્પરતા પણ એ જ. વધતી જતી વય કે નબળા પડતા જતા લીવર ને હૃદયની બિમારી પણ તેમની આ સેવાભાવના, પ્રવૃત્તિને રત્તીભર ઓછી કરી શકી નથી. બે વર્ષ અગાઉ બિમારી હતી એટલા દિવસ સૂઈ રહ્યા અને ઊઠ્યા એટલે જૈસે થે. આજેય પોતાની ગૃહસ્થિ સંભાળીને જોશપૂર્વક ત્રણ શિફ્ટમાં ભજનો લલકારે છે ને જિલ્લાનાં ગામો સુધી સેવાની સરવાણી વહાવવા પહોંચી જાય છે. એમના મતે પોતાની તંદુરસ્તીનું રહસ્ય આ પ્રવૃત્તિ જ છે. ને એટલે જ અહર્નિશ પ્રવૃત્તિ કરતા રહેવાનો ક્રમ એમણે જાળવી રાખ્યો છે.

પોતાની સેવાપ્રવૃત્તિ અને આજીવન શિક્ષક તરીકેની ભૂમિકા અંગે પૂછતાં ઈન્દુબેન જણાવે છે, 'લોકો ભલે મારી સલાહ લઈ જતા હોય અને એ સલાહથી એમને લાભ મળ્યો હોય તો એનો યશ મને આપતા હોય. પણ દરેક વખતે મેં એમને આપેલી સલા મારી નથી હોતી. હકીકતે હું મને લોકો તરફથી જે સમસ્યા મળે એનો હલ મને ન સૂઝે તો એ સમસ્યા મારા પતિ (શ્રી નૌતમલાલ જમનાદાસ નિમાવત, નિવૃત્ત નાયબ સચિવ, ગુજરાત વિધાનસભા સચિવાલય)ને જણાવું છું અને તેઓ જે પ્રેક્ટિકલ રસ્તો બતાવે એ હું લોકોને સૂચવું છું, એમનું કામ થઈ જાય છે. અલબત્ત, મારા પતિ મારી માફક લોકોમાં બહુ હળવા-મળવાનું પસંદ નથી કરતા, પરંતુ લોકોની સમસ્યાઓની ચર્ચા એમની સાથે કરીને હું ઉપાયો મેળવી લઉં છું ને લોકો સુધી પહોંચાડી દઉં છું. દુનિયા ભલે શિક્ષક માને મને, હું તો આજીવન વિદ્યાર્થી જ છું.'

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૪
સૂર્યાસ્ત : ૭.૨૭

## તાપમાન

મહત્તમ : ૩૫.૮ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૮ ટકા ● સાંજે ૫૮ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
કૉકટેલ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
બોલ બચ્ચન : ૧૨.૩૦
ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૩.૩૦, ૧૦.૦૦
ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (અંગ્રેજી) : ૬.૪૫

: સ્ક્રીન-૩ :
ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૧૨.૩૦
બોલ બચ્ચન : ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :
ગટ્ટુ : ૧૦.૦૦
કૉકટેલ : ૧૧.૪૫, ૨.૩૦
પિકચર અભિ બાકી હે : ૫.૧૫
બોલ બચ્ચન : ૭.૪૫, ૧૦.૩૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
બોલ બચ્ચન : ૯.૦૦
ગટ્ટુ : ૧૨.૦૦
કૉકટેલ : ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
કૉકટેલ : ૯.૪૫, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫, ૯.૧૫

: સ્ક્રીન-૩ :
ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૧૦.૦૦
બોલ બચ્ચન : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :
ધ ડાર્ક નાઈટ રાઈસીસ (હિન્દી) : ૯, ૧૨, ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫

### સૂર્યા, વાવોલ

કૉકટેલ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
જો જે રંગ લાવશે આપણી પ્રીત : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ટાઉન હોલ

- આર્ટ લવર્સ ગાંધીનગર દ્વારા સાંસ્કૃતિ કાર્યક્રમ રાત્રે ૯.૩૦ કલાકે.

### ધાર્મિક

- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ, ગાંધીનગર દ્વારા કલ્પેશભાઈ શાસ્ત્રી ૧૦૫૨,સે.-૨/ડી, ના નિવાસ સ્થાને શિવમહિમ્ન પાઠ યોજાશે.
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સે.-૨૩, ગાંધીનગર દ્વારા કેવલરામભાઈ જોષી ૭/૨, 'છ' ટાઈપ, સે.-૨૩, ના નિવાસ સ્થાને શ્રાવણ માસ નિમિત્તે શિવમહિમ્ન પાઠ અને સ્તૃતી વંદના રાત્રે ૯.૦૦ કલાકે.
- શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ ગાંધીનગર દ્વારા આશાબેન ભટ્ટ બ્રહ્મભવન, સે.-૧૬, ખાતે સ્તુતિ વંદના.
- શ્રી રામજી, મંદિર શ્રીરામ ધામ વાવોલ ખાતે શ્રાવણ માસ નિમિતે સવારથી જ વિવિધ ફુલોથી હિંડોળા પ્રારંભ.
- જયેશકુમાર કે. રાવલ દ્વારા 'શિવ સત્સંગ કથા' ૧૧, પ્રિયંકા સ્વપ્ન સંકુલ લિંબોદરા કોર્નર ગ્રામ ભારતી ચાર રસ્તા ખાતે રાત્રે ૯.૦૦ કલાકે યોજાશે.

## આપની આજ

**મેષ** : આજે ધન લાભ થવાની શક્યતા છે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં આવનારા તનાવ અને વિઘ્નો સમાપ્ત થવાના યોગ બની રહ્યા છે. જોખમી કામોમાં સાવચેતી રાખવી.

**વૃષભ** : પ્રયત્ન અને પરિશ્રમનું યોગ્ય ફળ પ્રાપ્ત મળી શકશે. માન-સન્માનમાં યશ-વૃદ્ધિ થશે. જીવનસાથીનો સહયોગ કાર્યોમાં મળી રહેશે. વ્યાપાર- વ્યવસાય સારો ચાલશે.

**મિથુન** : આપ ભાગ્ય કરતાં કર્મ પર વધુ વિશ્વાસ કરી કાર્ય કરતા રહો. રાજયપક્ષનાં કાર્યોમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. લગ્નઈચ્છુકો માટે લગ્નનાં પ્રસ્તાવ આવશે.

**કર્ક** : કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં પૂરતી સફળતા પ્રાપ્ત થઈ શકશે. આરોગ્ય સંબંધી ચિંતાનું સમાધાન થશે. ઈચ્છાઓની પૂર્તિ થઈ શકે છે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.સાહસનો લાભ મળી શકશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. સંતાનના આરોગ્ય સંબંધીત ચિંતાઓનું નિકારણ આવશે.

**કન્યા** : વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થશે .આવક કરતાં ખર્ચ ન વધે તેની તકેદારી રાખવી. આર્થિક તંગીની આશંકા છે.

**તુલા** : ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. કૌટુંબિક ચિંતા દૂર થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે.

**વૃશ્ચિક** : પ્રગતિવર્ધક સમાચાર મળી શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલા કાર્યોનું ફળ મળી શકશે. જૂના સંબંધો વધુ મજબૂત થશે.

**ધન** : અટવાયેલા અને અધુરા રહેલા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતા વધશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે અને દિવસ પ્રસન્નતાથી પસાર થશે.

**મકર** : મહત્વપૂર્ણ કાર્યો પર ખર્ચ થઈ શકે છે. લાભ મળવાના પણ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યનો યોગ. શત્રુ, વિવાદ વગેરેમાં ખર્ચનો યોગ.

**કુંભ** : નવા આર્થિક સાધનો પર કાર્ય થઈ શકશે. વ્યાપારમાં મુશ્કેલીઓ વધે નહી તેની કાળજી રાખવી. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા મળી શકે છે.

**મીન** : સંબંધીઓથી મતભેદ થવાની શકયતા છે. વાદ-વિવાદથી દુર રહેવું. કોઈપણ વ્યક્તિ પર અતિ વિશ્વાસ ઠીક નથી. ખર્ચમાં કમી કરવાનો પ્રયત્ન કરવો.

## ચિરવિદાય

- સ્વ. દેવકુમાર જિતેન્દ્રકુમાર રાઠોડ (ઉ.વ.૨૮) પ્લોટ નં. ૪૬૬/૧, સેકટર-૫/એ, ગાંધીનગર.
- સ્વ. ભીમદત્ત ભોલાદત્ત પાંડે (ઉ.વ.૭૫) બ્લોક નં. ૧૦૯૪/૨, સેકટર- ૬/સી, ગાંધીનગર.